# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-10-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં બે દિવસની ભૂમિ અને આપત્તિ વ્યવસ્થાપન અંગેની પરિષદનો પ્રારંભ કરાવ્યો.
2) સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા ગુજરાત ભાજપના નવા અધ્યક્ષ બનશે – આવતીકાલે વિધિવત્ જાહેરાત થશે.
3) ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ભરૂચમાં 381 કરોડ રૂપિયાના કેફી પદાર્થનો નાશ કરાયો
4) હરિયાણામાં સાબર ડેરીના દેશના સૌથી મોટા પ્લાન્ટનું ઉદ્ઘાટન કરતાં કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે કહ્યું, તે ખેડૂતો માટે લાભદાયી સાબિત થશે
5) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માસિક રેડિયો કાર્યક્રમ મન કી બાતને 11 વર્ષ પૂર્ણ થયા
6) અમદાવાદમાં રમાઈ રહેલી પહેલી ક્રિકેટ ટેસ્ટ મેચમાં વેસ્ટ ઈન્ડિઝ સામે ભારતે 286-થી વધુ રનની સરસાઈ મેળવી

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# NATIONAL CONFERENCE GNR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , નાગરિક કેન્દ્રીત સુશાસનથી ગુજરાત દેશના વિકાસનું આદર્શ રાજ્ય અને વિકાસ સાધન બન્યું છે. ગાંધીનગરમાં ભૂમિ અને આપત્તિ વ્યવસ્થાપન અંગેની બે દિવસની રાષ્ટ્રીય પરિષદનો આજથી પ્રારંભ કરાવતા શ્રી પટેલે આ વાત કહી. તેમણે આ પરિષદને સુશાસન સાથે સતત વિકાસ-આર્થિક પ્રગતિ અને સામાજિક ન્યાયની જરૂરિયાતને અનુરૂપ ગણાવી.

મહેસૂલની જટિલ અને ગૂંચવણભરી પ્રક્રિયાઓને લોકાભિમુખ અભિગમથી સરળ બનાવવા પારદર્શક અને વિશ્વસનીય વહીવટી તંત્ર માટે આઈ —ઓરા અને ગરવી ટ્રૂ પૉઈન્ટ ઓ ડિજિટલ મંચ પરિણામકારી બન્યા હોવાનું પણ શ્રી પટેલે ઉંમેર્યું.

(BYTE: CM BHUPENDRA PATEL)

. . . . .

# VISHWAKARMA BJP CHIEF

સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા ગુજરાત ભાજપના નવા પ્રદેશ અધ્યક્ષ બનશે. આ માટેની ચૂંટણી પ્રક્રિયાની કામગીરી પૂર્ણ થતાં પ્રદેશ ચૂંટણી સમિતિ દ્વારા આવતીકાલે ગાંધીનગરના ભાજપ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે ભાજપના નવા અધ્યક્ષ પદના પરિણામની   સત્તાવાર જાહેરાત કરાશે. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટિલ , મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવ ઉપસ્થિત રહેશે. સાંભળીએ એક અહેવાલ.

(V/C- AJAY INDREKAR)

(.....ગુજરાત ભાજપના નવા પ્રદેશ અધ્યક્ષ તરીકે ચૂંટાયેલા જગદીશ વિશ્વકર્માનો જન્મ 12 ઑગસ્ટ 1973ના દિવસે થયો હતો. નિકોલ બેઠકથી ધારાસભ્ય શ્રી વિશ્વકર્મા હાલ રાજ્યકક્ષાના મંત્રી છે. અમદાવાદના ઠક્કરબાપા નગરમાં બૂથ પ્રભારી તરીકે રાજકીય યાત્રા શરૂ કરનારા શ્રી વિશ્વકર્માએ ભાજપ પક્ષમાં વિવિધ હોદ્દા પર સેવા આપી છે. વર્ષ 2013માં તેઓ ભાજપ ગુજરાતના ઉદ્યોગ સેલના સંયોજક અને ત્યારબાદ કર્ણાવતી ભાજપ અમદાવાદ શહેરના પ્રમુખ બન્યા હતા. વર્ષ 2012માં પહેલી વાર તેઓ અમદાવાદની નિકોલ બેઠક પરથી ધારાસભ્ય બન્યા હતા. ત્યારબાદ વર્ષ 2017 અને 2022માં પણ આ જ બેઠકથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે.

અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ.

. . . . . .

# SURAT ASHWINI VAISHNAW

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને જાપાનના મંત્રી હિરોમાસા નાકાનો-આજે સુરતમાં હાઈસ્પીડ રેલવે નિર્માણ સ્થળની મુલાકાત લીધી. બંને મંત્રીએ મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલવે પરિયોજનાના મહત્વના પાસાઓની સમીક્ષા કરી. તેમણે અદ્યતન રેલમાર્ગ સ્લેબ લેઇન્ગ કાર અને રેલમાર્ગ સ્લેબ સમાયોજન સુવિધાની પ્રગતિની પણ સમીક્ષા કરી , જે બંને હાઈ-સ્પીડ માળખાના મહત્વપૂર્ણ ઘટક છે.

આ પરિયોજનાની પ્રગતિ પર સંતોષ વ્યક્ત કરતા બંને નેતાએ નિર્માણ સ્થળ પર ઉચ્ચ સ્તરના ધોરણો જાળવી રાખવા અંગે તેમજ નિર્માણકાર્યની ઝડપથી પ્રગતિની પણ પ્રશંસા કરી. બંને નેતાની આ મુલાકાત ભારતના પહેલા બૂલેટ ટ્રેન કૉરિડોરની પરિકલ્પનાને સાકાર કરવામાં ભારત અને જાપાનના પરસ્પર સહકારને દર્શાવે છે.

. . . . .

# BHARUCH DRUG DESTROY

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં આજે ભરૂચમાં 381 કરોડ રૂપિયાથી વધુની કિંમતના કેફી પદાર્થના જથ્થાનો નાશ કરાયો. રાજ્ય પોલીસે કબજે કરેલા આઠ હજાર કિલોથી વધુના આ કેફી પદાર્થનો દહેજ ખાતે વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરાયો છે. આ પ્રસંગે શ્રી સં ઘવીએ કેફી પદાર્થ વિરોધી કાર્યદળ- A.N.T.F.નો વિધિવત્ પ્રારંભ કરાવ્યો. આ દળનું મુખ્યમથક ગાંધીનગરમાં અને છ પ્રાદેશિક કચેરી હશે. આ અંગે શ્રી સંઘવીએ વધુ માહિતી આપી.

(BYTE: HARSH SANGHAVI)

દરમિયાન રાજ્ય સરકારની રિવોર્ડ પૉલિસી હેઠળ સાત મોટા કેસમાં સફળતાપૂર્વક કામગીરી કરનારા 92 પોલીસ જવાનને 29 લાખ 67 હજાર રૂપિયાની ઈનામની રકમ અર્પણ કરી તેમનું સન્માન કરાયું.

. . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

..............................

# SABAR DAIRY HARIYANA

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું , દેશના ડેરી ક્ષેત્રમાં ગત 11 વર્ષમાં 70 ટકાની નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે. તે વિશ્વનું સૌથી ઝડપથી આગળ વધતું ક્ષેત્ર છે.

હરિયાણાના રોહતક I.M.T. ખાતે આજે સાબર ડેરીના નવા પ્લાન્ટનું ઉદ્ઘાટન કરતા શ્રી શાહે કહ્યું , સાબર ડેરીએ 325 કરોડ રૂપિયાના રોકાણથી સમગ્ર દેશમાં સૌથી મોટા પ્લાન્ટનું નિર્માણ કાર્ય પૂર્ણ કર્યું છે. તે દૂધ ઉત્પાદક ખેડતો માટે લાભદાયી સાબિત થશે અને સમગ્ર NCR ક્ષેત્રની જરૂરિયાતને પૂર્ણ કરશે.

(BYTE: AMIT SHAH)

. . . . . . . . . .

# MANN KI BAAT – 11 YEARS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માસિક રેડિયો કાર્યક્રમ , મન કી બાતને આજે 11 વર્ષ પૂર્ણ થયા. પહેલો કાર્યક્રમ ત્રણ ઓક્ટોબર , 2014ના રોજ વિજયાદશમીના દિવસે પ્રસારિત થયો હતો.

દેશના દરેક ખૂણા સુધી પહોંચેલો આ કાર્યક્રમ સાંસ્કૃતિક અને સામાજિક પરિવર્તનનું પ્રતીક છે. મન કી બાત કાર્યક્રમની પહેલી કડીમાં પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, જ્યાં સુધી આપણે જાતે ઉભા ન થઈએ ત્યાં સુધી રસ્તો બતાવનાર કોઈ નહીં મળે.

(BYTE – PM MODI)

મન કી બાત કાર્યક્રમને નિયમિત સાંભળનારા જામનગરનાં પ્રજ્ઞાચક્ષુ શ્રોતા ધર્મેન્દ્રસિંહ રાઠોડે કહ્યું, આ મંચ પાયાના સ્તરે રાષ્ટ્ર નિર્માણમાં રોકાયેલા ગુમનામ નાયકોની વાર્તાઓ કહેવાનું માધ્યમ છે.

(BYTE – DHARMENDRA SINH RATHOD)

. . . . . .

# CRICKET IND VS WI

ક્રિકેટમાં, અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાઈ રહેલી પહેલી ટેસ્ટ મેચમાં વેસ્ટ ઈન્ડિઝ સામે ભારતે 286 રનની સરસાઈ મેળવી છે. ભારતે બીજા દિવસના અંતે પાંચ વિકેટ 448 રન કર્યાં છે. જેમાં ધ્રુવ જુરેલ 125, કે.એલ. રાહુલ 100 રન બનાવીને આઉટ થયાં છે. જ્યારે રવિન્દ્ર જાડેજાએ અણનમ 104 રન બનાવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વેસ્ટ ઈન્ડિઝની ટીમ પ્રથમ દાવમાં 162 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

. . . . . . . . . . . . . . . . .

# WEATHER FORECAST

હવામાન ખાતાએ આગામી નવ તારીખ સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. આવતીકાલે સૌરાષ્ટ્ર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં છૂટાછવાયા સ્થળ પર હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. આગામી પાંચ દિવસ દરિયાકાંઠે 40થી 50 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવવાનો હોવાથી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે તેમ હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

. . . .

# PM EKTA MALL SURAT

સુરતમાં 202 કરોડ રૂપિયાના ખર્ચે અત્યાધુનિક PM એકતા મૉલનું નિર્માણ કરાશે. સ્વદેશી ચીજવસ્તુઓના ઉપયોગ અંગેની ઝૂંબેશને વેગ આપવામાં આ મૉલ મહત્વની ભૂમિકા ભજવશે. આ પહેલ O.D.O.P એટલે કે , એક જિલ્લો , એક ઉત્પાદન, ભૌગોલિક સંકેત – G.I. ટૅગ શ્રેણીની વસ્તુઓ અને દેશના દરેક ખૂણામાંથી પરંપરાગત હસ્તકળાને પ્રદર્શિત કરવા એક રાષ્ટ્રીય મંચ પૂરું પાડશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં એકતા મોલના નિર્માણની સતત સમીક્ષા કરવામાં આવી રહી છે. આ પરિયોજના સૂક્ષ્મ , લઘુ અને મધ્યમ ઉદ્યોગોને નવી તક આપશે તેમજ કારીગરોને વધુ સશક્ત બનાવશે. આ મૉલ નાણા મંત્રાલયના મૂડીરોકાણ માટે રાજ્યોને વિશેષ સહાય માટેની યોજના 2023-25 હેઠળ એક મુખ્ય પરિયોજના છે. દેશભરમાં આવા મૉલ માટે પાંચ હજાર કરોડ ફાળવવામાં આવ્યા છે.

. . . . . . . . .